# ડીઈઓ કચેરીનું ગાણું : ઈન્ટરવ્યુ વિશે અમે કશું ન જાણીએ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,મંગળવાર

વડોદરા શહેર અને જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટપાત્ર માધ્યમિક શાળાઓના આચાર્યોની તાજેતરમાં થયેલ ભરતી પ્રક્રિયામાં ડીઈઓ કચેરીની કોઈ સીધી ભૂમિકા નહીં હોવાનું એક ટ્રસ્ટના ટ્રસ્ટીએ આરટીઆઈ એકટ હેઠળ માંગેલી માહિતીમાં કચેરીએ જણાવ્યું હતું.

## કચેરી પ્રસ્તુત આધારોને ધ્યાનમાં લઈ ભરતી પ્રક્રીયાને મંજૂર-નામંજૂર કરી શકે છે

વિસનગરના-આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટના સભ્ય વિપુલકુમાર પટેલે વડોદરાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને પાઠવેલી માહિતી અધિકાર નિયમ હેઠળની અરજીમાં તાજેતરમાં શહેર જિલ્લામાં થયેલા ઈન્ટરવ્યુના સંદર્ભમાં વિવિધ માહિતી માંગવામાં આવી હતી.

ડીઈઓ કચેરીના જણાવ્યા મુજબ બિનસરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યા ભરવા માટેની ઈન્ટરવ્યુ પસંદગી સમિતિમાં જે તે શાળાના સંચાલક અને બોર્ડના સભ્ય ઉપસ્થિત રહે છે. કચેરી તરફથી કોઈ પ્રતિનિધિ પસંદગી સમિતિમાં ઉપસ્થિત રહેતો નથી. કચેરી તરફથી એન.ઓ.સી. મેળવ્યા બાદ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની, અરજીઓ મેળવવાની, મેરિટલિસ્ટ બનાવવાની તેમજ ઈન્ટરવ્યુ અંગેની આગળની તમામ કાર્યવાહી સંબંધિત શાળાના સંચાલક મંડળ તરફથી કરવામાં આવે છે.

કચેરીએ આપેલા ઉત્તરમાં કાયદેસર કાર્યવાહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ શાળાઓનો અનુભવ તો એવો છે કે ભરતીની પ્રક્રીયાના તમામ તબક્કે ડીઈઓ કચેરીનો હસ્તપેક્ષ રહે છે અરે એનઓસી માંગ્યા બાદ લાંબા સમય સુધી ફાઈલો પડી રહેતી હોવાનો ઘણી શાળાઓનો અનુભવ જણાયો છે. જ્યારે ઈન્ટરવ્યુ પ્રક્રિયી સંપન્ન થયા બાદ નિમણુંકોની બહાલીમાં પણ ખાસ્સો સમય વ્યતિત થતો હોવાનું જણાયું છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ આરટીઆઈના એક ઉત્તરમાં એમ પણ જણાવ્યું છે કે કર્મચારીની ભરતી કાર્યવાહી થયા બાદ આ કચેરીને રજુ થતી ઈન્ટરવ્યુ કાર્યવાહી પત્રકો-આધારોને ધ્યાનમાં લઈ અત્રેથી થયેલી કાર્યવાહીને મંજુર કે નામંજુર રાખવાની રહે છે. હકીકતમાં તો તમામ પ્રક્રીયા યોગ્ય થઈ હોવા છતાં કચેરી કદી સત્વરે કે સ્થળ પર બહાલી આપતી નથી, તેઓ ઘણાનો અનુભવ છે.

હકીકતમાં તાજેતરમાં ઈન્ટરવ્યુ પછી બે કલાકમાં જે તે શાળાને ફાઈલ બે કલાકમાં હાજર કરી દેવા તાકીદ કરાઈ છે. જો શાળા તેમ નહીં કરે તો ઈન્ટરવ્યુ રદ ગણાશે તેવી પરિપત્રમાં સ્પષ્ટતા કરાઈ છે. પણ શિક્ષણ જગતના એક આગેવાનના જણાવ્યા મુજબ આમ કરીને ઈન્ટરવ્યુ રદ કરવા માટે શાળાને જવાબદાર ઠેરવવામાં આવશે. પણ કચેરી બે કલાકમાં બહાલી આપશે કે કેમ તે અંગે કચેરીએ પોતે કોઈ સ્પષ્ટતા કરી જ નથી. ટુંકમાં જિલ્લા શિક્ષણાધિકારી પોતાની જવાબદારીનો માત્ર સૈધ્ધાંતિક સ્વીકાર કરે છે. જવાબદારીઓ અન્ય પર ઢોળીને પોતે મુક્ત રહેવા માંગતી હોય તેવું તેમના જવાબો પરથી સ્પષ્ટ થાય છે.

### ધોરણ-12 સાયન્સના સ્ટુડન્ટ માટે

## MBBSનો અભ્યાસ કર્યા પછી અમેરિકા જવા માટે બેસ્ટ કોલેજ

વિશ્વમાં આજે મેડીકલ એજ્યુકેશન માટે ટોપ ગણાતા ફિલીપાઈન્સમાં ધો. 12 સાયન્સ પછી આપણી જેમ સાડા ચાર વર્ષનો MBBSનો કોર્સ ચાલે છે. મનીલામાં આવેલ લેડી ફાતિમા મેડીકલ કોલેજમાં MBBS કર્યા પછી એક વર્ષની ઈન્ટર્નશીપ અમેરિકાના ન્યૂયોર્ક અથવા શિકાગોમાં આવેલ હોસ્પિટલમાં કરવાની વ્યવસ્થા છે. ફિલીપાઈન્સમાં અમેરિકાનો જ MBBSનો કોર્સ ચાલતો હોવાથી અમેરિકા જવા માટે લેડી ફાતિમા મેડીકલ કોલેજમાં MBBSનો અભ્યાસ કરવો સૌથી

કરતા ગુજરાતના સ્ટુડન્ટ સાથે વાર્તાલાપનો રસપ્રદ કાર્યક્રમ ગુરૂવાર તા. 7 ઓગસ્ટના રોજ સાંજના 6 થી 9 દરમિયાન અમદાવાદમાં પાલડી ચાર રસ્તા પાસે, કોચરબ આશ્રમ સામે આવેલ દેવ રિજેન્સી હોટલમાં રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમનું સંચાલન જાણીતા કારકિર્દી માર્ગદર્શક અને કોલમ લેખક ભાનુકુમાર મહેતા કરશે.

બાયોલોજીના વિષય સાથે ધો. 12 સાયન્સ પાસ કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો અને તેમના માતા-પિતા તેમજ

વા

4